# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા.૨૦-૦૯-૨૦૨૪

- **નકલીઓનું તંત્ર અસલી કરતા વધુ કામયાબ: નકલી મોડેલએ તંત્રને કર્યું લકવાગ્રસ્ત**
- **લુંટનો કારોબાર કરનારા નકલીઓ પર કયા અસલી ખેલાડીની રહેમ નજર? ભાજપના રાજમાં ફૂલતું ફાલતું 'નકલી મોડેલ'**
- **ભાજપના નેતાઓના નકલીઓ સાથે નજીકનો નાતો હોય તેવા ફોટાગ્રાફ: જનતા જાણવા માંગે છે કે નકલીઓ સાથે ભાજપનો અસલી સંબધ શું છે?**

ગુજરાતમાં એક બાદ એક નકલી અધિકારીઓ અને નકલીઓનો કારોબાર ભાજપ શાસનમાં ધમધોકાર ચાલી રહ્યો છે. નકલીઓ દ્વારા નાગરિકોને લુંટવાના બેફામ કારનામાંઓને રોકવામાં નાકામ ભાજપ શાસકો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે રાજ્યમાં જાણે કાયદો વ્યવસ્થા કે પોલીસતંત્રની જરાય ડર જ ન હોય તેમ સરકારી કામો કરી આપવા, પ્રમોશન આપવા અને અપાવવા, ટેન્ડર આપવવા, આરોપીઓને છોડી મુકવા સહીતની નીતનવી મોડેસ ઓપરેન્ડીઓ થકી ગુજરાતીઓને છેતરતી 'ઠગ કંપની' બેફામ બની છે. જાણે નકલીઓનું તંત્ર અસલી કરતા વધુ અસરકારક હોય અને 'નકલી મોડેલ'એ તંત્રને લકવાગ્રસ્ત કર્યું હોય એમ બનાવટી અધિકારીઓ છાકટા બની નાગરિકોને લુંટી રહ્યાં.નકલી કસ્ટમ અધિકારી, ડેપ્યુટી કલેક્ટર,આઈપીએસ, સીબીઆઈ અધિકારી,સીઆઈડી અધિકારી, કેન્દ્રીય એજન્સી અધિકારી, ગૃહમંત્રાલયનો અધિકારી, શાળામાં લોકો ભોગ બન્યા છે. **ગુજરાતમાં કરોડોના કૌભાંડના અસલી ખેલાડી કોણ ? સંડોવાયેલા સાચા ખેલાડીઓ બેનકાબ ક્યારે થશે.**

છેલ્લા ૨૪ મહિનામાં ૧૯થી વધુ નકલી અધિકારીઓ-સંસ્થાઓ સામે આવ્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં સુરતના વરાછા પાસેથી નકલી કસ્ટમ અધિકારી હિમાંશુ રાય, અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના સાઠંબાના ઈન્દ્રમમાંથી પ્રકાશ નાઈ નામનો નકલી ડે.કલેક્ટર, સુરેન્દ્રનગર પાલિકાનો ભાજપનો કોર્પોરેટર નકલી સીબીઆઈ અધિકારી હિતેશ્વરસિંહ મોરી, ભાજપના નેતાઓ સાથેના ફોટા બતાવી લુટ ચલાવતોનકલી કેન્દ્રીય એજન્સી અધિકારી ભરત છાબડા, ઓગસ્ટ ૨૦૨૪ સુરતના કામરેજથી નકલી આઈપીએસ પ્રદીપ પટેલ, સુરતમાં મહિલાઓને પજવણી કરતો નકલી સીઆઈડી અધિકારી તરુણ ભટ્ટ, એપ્રિલ ૨૦૨૪માં યુનીવર્સીટી રોડથી નકલી ગૃહમંત્રાલયનો અધિકારી સૌરીશ ઘોષ, જુલાઈ ૨૦૨૪માં રાજકોટના કુવાડવા તાલુકાના માલીયાસણ ગામ ચાલતી નકલી શાળા ગૌરી પ્રાયમરી સ્કુલ, માર્ચ - ૨૩માં કરાઈમાં ટ્રેનીગ લેતો નકલી પીએસઆઈ મયુર તડવી, એપ્રિલ ૨૦૨૩માં ભાજપના મોટા નેતાઓ સાથેના ફોટા બતાવતો નકલી પીએમઓ અધિકારી કિરણ પટેલ, સંજય શેરપુરિયા, ઓગસ્ટ -૨૩માં નકલી સીએમઓ અધિકારી લવકુશ દ્વિવેદી જેના ભાજપના મોટા નેતાઓ સાથેના ફોટા સામે આવ્યા,જામનગર પોલીસને આરોપીને છોડી મુકવા ભલામણ કરતો નકલી સીએમઓ અધિકારી નિકુંજ પટેલ, નકલી ED અધિકારી ઓમવીરસિંહ, નકલી NIA અધિકારી ગુંજન કાંતિયા, ઓક્ટોબર-૨૩માં દાહોદ જીલ્લાના બોડેલીમાં નકલી વહીવટી કચેરી બનાવી ૨૧.૧૫ કરોડની ઉચાપત સામે આવી, સુરતના માંડવી તાલુકમાં નકલી ડેપ્યુટી કલેક્ટર નેહા પટેલ, નવેમ્બર-૨૩માં ગાંધીનગરમાં નકલી એફસીઆઈ અધિકારી પુણ્યદેવ રાય, વડોદરામાં ઠગે મહિલા સાથે દુષ્કર્મ આચરનાર નકલી સીએમઓ અધિકારી વિરાજ પટેલ સહીત કેટલાય ગઠિયાઓ મનફાવે તેમ કારનામાં અને કૌભાંડ કરી ગુજરાતની નિર્દોષ નાગરિકોની પરસેવાની કમાણીને બેફામપણે લુંટી રહ્યા છે.

ભાજપનાં ચૂંટાયેલા કાઉન્સિલર હિતેશ્વર મોરી નકલી સીબીઆઈ અધિકારી તરીકે પકડાયા. કિરણ પટેલ, સંજય શેરપુરિયા, ભરત છાબડા, સહીત નકલી ગઠિયાઓના ભાજપના નેતાઓ સાથે નજીકનો નાતો હોય તેવા ફોટાગ્રાફ સામે આવ્યા છે. જનતા જાણવા માંગે છે કે નકલીઓ સાથે ભાજપનો અસલી સંબધ શું છે? પીએમ ઓફીસથી લઇ સીએમ ઓફીસ, આઈએએસથી લઇ આઈપીએસ, કલેકટરથી લઇ કેન્દ્રીય એજન્સીના અધિકારી, ગૃહમંત્રાલય હોય કે કસ્ટમ વિભાગ તમામ સરકારી કચેરીઓના બાબુઓનાં નામે **લુંટનો કારોબાર કરનારાઓ નકલીઓ પર કયા અસલી ખેલાડીની રહેમ નજરની છે? તે** ગુજરાત જાણવા માંગે છે.

હિરેન બેન્કર

હિરેન બેન્કર,
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ.
૯૭૨૩૫૫૦૩૫૫